# લાયન્સ ક્લબ અને એલડીઆરપીના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કાર્યક્રમ



લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર તથા LDRP ટેક્નોલોજી કોલેજ સેકટર ૧૫ ગાંધીનગર અને લાયન્સ બ્લડ બેંક ઓગણજના સહયોગથી પાંચમા રક્તદાન શિબિરનું સુંદર આયોજન થયેલ હતું. આ રક્તદાન શિબિર અંતર્ગત મોટી સંખ્યામા ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી મિત્રો ઉપરાંત પ્રોફેસરો મારફતે રક્તદાનરૂપી મહાદાન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ૧૩૫ જેટલી બ્લડ બોટલ એકત્ર થયેલ હતી અને રક્તદાન કરનાર સૌને સર્ટિફિકેટ તથા મોમેન્ટો આપવામાં આવેલ હતા. આ શિબિરમાં લાયન્સ ક્લબના ડાયરેક્ટર, સાઈટ વીઝન કે. પી. પ્રજાપતિ, લાયન્સ પ્રમુખ રાજ ગૌડા, પૂર્વ પ્રમુખ નયનભાઈ અને કમિટી ચેરમેન શૈલેષભાઈ તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# નાટક એ દિવાનાઓનું કામ છે





ગાંધીનગર, તા. ૨

'સઘળી કલાઓ એક તરફ, નાટક એ દિવાનાઓનું કામ છે.' આ શબ્દોનું ઉચ્ચારણ નગરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

૩૧મી જાન્યુઆરીના રોજ ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી નીતા હિમાંશુ ભચેચ નિર્મિત-દિગ્દર્શિત નાટક 'અજબ ગજબનો ખેલ' પ્રસ્તુત થયું ત્યારે કલાકારોનો પરિચય આપતાં તેમણે આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.

સ્વ. ભગવત ભાવસાર લિખિતિ આ નાટકનું સહદિગ્દર્શન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં કર્તુમ તેરૈયા, જયનલ રાવલ તથા કરિશ્મા પાટડીયાએ પોતાનો અભિનય આપ્યો હતો. લાઈટ સંચાલનની જવાબદારી અર્થ સાધુ દ્વારા, સંગીત સંચાલન કુંતલ નિમાવત દ્વારા, સ્ટેજ મૌન સાધુ દ્વારા, ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી અક્ષય ભટ્ટ દ્વારા અને નેપથ્યની સેવા ખુશ્બુ ભટ્ટ તથા હિમાંશુ ભચેચ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

સામાજિક કૉમેડી સ્વરૂપનો આ અસરકારક નાટ્યપ્રયોગ નિહાળવા સિનિયર નાટ્યકાર હસમુખ મૅકવાન, અભિનેત્રી હિના ઉપાધ્યાય, ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, પબ્લિક ટ્રેનર દીપકભાઈ અને ઉમાબેન તેરૈયા, સમાજસેવી, શિક્ષણવિદ બિંદુબેન અને પાર્થેશભાઈ, સી એલ મહેતા, ફિલાટેલિસ્ટ કાંતિલાલ શર્મા અને જાણીતાં સ્વીમર મનીષાબેન ત્રિપાઠી ઉપસ્થિત રહ્યાં હતાં.

નાટકને પ્રેક્ષકોએ ભરપૂર માણ્યું હતું અને કલાકારોની અદાકારીને સરાહી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર અગાઉ આ નાટકના બે પ્રયોગ ચિત્તલ અને દિવ ખાતે યોજાઈ ચૂક્યા હતા, જ્યાં પણ આ નાટકને ભરપૂર પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

## જન્મદિને વધામણી



સુમંતભાઈ
મંગળદાસ શાહ
કવિ-સાહિત્યકાર
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર
નિવૃત્ત અધિકારી મંડળ
ફોન : ૨૩૨૨૬૫૫૭
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭

## વર્લ્ડ જીનિયસ સર્ચ એક્ઝામનો સિતારો જીયા જે. ઝાલા



ગાંધીનગર, તા. ૨

હિલવૂડ્સ સ્કૂલ, ગાંધીનગર ખાતે તાજેતરમાં વર્લ્ડ જીનિયસ કાઉન્સિલના ઉપક્રમે વર્લ્ડ જીનિયસ સર્ચ ઍક્ઝામિનેશન યોજવામાં આવી હતી. આ પરીક્ષામાં ભાગ લઈ જીયા જગમાલભાઈ ઝાલાએ સ્કૂલમાં સૌથી વધુ માર્ક્સ પ્રાપ્ત કરી પ્રથમ ઉત્તીર્ણ સ્થાન મેળવ્યું હતું. જીયાને મૅડલ અને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા જીયા ઝાલાને આ અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વિદ્યાર્થી દ્વારા અનોખી ગાંધીજાગૃતિ સેવા



ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્થાપનાનાં ૫૦ વર્ષ અને ગાંધીજીની જન્મ જયંતીનાં ૧૫૦ વર્ષને ધ્યાનમાં રાખી સાદરા શારીરિક શિક્ષણની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકો ગાંધી વિચારના પ્રસાર અને પ્રચાર માટે ગામડે ગામડે લોકો અને યુવાનોને ગાંધી જીવન શૈલી વિષે જણાવી રહ્યા છે અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત વિવિધ કક્ષાએ ગાંધીવિચારની વિવિધ પરીક્ષાઓમાં શાળા અને ગામના વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

આ સ્વયંસેવકો પૈકી કરણ રાઠોડ મોટાપાયે આ કાર્ય કરી રહ્યા છે. પોતાના અભ્યાસના સમયમાંથી વધારાના સમયમાં વિદ્યાર્થીઓને ગાંધી વિચાર અને ગાંધી જીવન શૈલી વિષયક સમજ આપી રહ્યા છે અને ગાંધીજી દ્વારા લખેલ સાહિત્યનો ખુબજ પ્રચાર અને પ્રસાર કરી રહ્યા છે. કરણ રાઠોડ આ રીતે સાદરાના આજુ બાજુના ગામો જેવીકે હરીપુરા, રાજપુર, કલ્યાણપુરા, માંધવગઢ, ચંદ્રાલા, મોતીપુરા, છાલા, સાદરા, ચેખલારાણી, જાખોરા, દોલારા વાસણા અને ચિલોડા ગામની વિવિધ શાળાઓના અંદાજીત હાલ સુધી ૮૦૦ વિધાર્થીઓને ગાંધી વિચારને લગતી વિવિધ પરીક્ષાઓમાં ભાગ લેવા માટે તૈયાર કરી ચુક્યા છે.

આ વિધાર્થીએ ગાંધી વિચારને ધ્યાનમાં રાખી વિવિધ શાળાઓમાં વર્ગોનું આયોજન પણ કર્યું હતું.

એમની આ અમૂલ્ય અને અતુલ્ય કામગીરી માટે સંસ્થાના કુલસચિવ ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી, કુલનાયક ડો. અનામિકભાઈ શાહ, રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી, સંસ્થાના ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# 'જલસો ઍપ્લિકેશન' પર જામ્યો માઈક્રોફિક્શન વાર્તાઓનો જલસો



ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ અને માઈક્રોફિક્શન વાર્તાલેખક સંજય થોરાતની તેમના પોતાના જ અવાજમાં રૅકર્ડ કરાયેલી ૧૮ માઈક્રોફિક્શન વાર્તાઓ તાજેતરમાં અપલોડ કરવામાં આવી છે.

ગાંધીનગર, તા. ૨

બિનોતી શાહ દ્વારા સંચાલિત 'જલસો મ્યુઝિક ઍપ્લિકેશન' એ ગુજરાતી સંગીત અને સાહિત્યને સમર્પિત ઍપ છે. એમાં ૨૪ કલાક ગુજરાતી સંગીત અને સાહિત્યનો અખૂટ ખજાનો માણી શકાય છે.

અહીં ઝવેરચંદ મેઘાણી, ધૂમકેતુ, જ્યોતીન્દ્ર દવે, વિનોદ ભટ્ટ, દોલત ભટ્ટ, કુન્દનિકા કાપડીયા, વર્ષા અડાલજા જેવાં સાહિત્યકારોની વાર્તાઓ તો કવિ તુષાર શુક્લ, રાજેશ વ્યાસ, હર્ષ બ્રહ્મભટ્ટ, ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, ભાગ્યેશ જહા, વિવેક ટેલરની કવિતાઓ પણ એમના પોતાના અવાજમાં ઉપલબ્ધ છે.

આ ઍપ્લિકેશન પર આવી છે. ઉલ્લેખનીય છે કે આરજે હર્ષ ધારૈયા દ્વારા અનેકવિધ સર્જકોની માઈક્રોફિક્શન વાર્તાઓનું સંકલન કરવામાં આવ્યું હતું, જે પૈકી સંજય થોરાતની વાર્તાઓ પણ પસંદ થઈ હતી. ઍપ પર એકસાથે ૧૮ વાર્તાઓ આપનારા તેઓ એકમાત્ર લેખક છે. તેમના ઉપરાંત જિજ્ઞેશ અધ્યારુ, ગોપાલ ખેતાણી, નીલમ દોશી, રાજલુ ભાનુશાલી, દિપાલી વ્યાસ, વિષ્ણુ પ્રજાપતિ, ડૉ. હાર્દિક યાજ્ઞિક, પાર્મી દેસાઈ, ઝીલ ગઢવી, સોનિયા ઠક્કર, શીતલ ગઢવી, લીના વછરાજાની, ધવલ સોની, સ્વાતિ શાહ, હિરલ વ્યાસ, હાર્દિક પંડ્યાની વાર્તાઓ પણ જલસો ઍપ ઉપર મૂકવામાં આવી છે.

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનની ઉમદા સેવા



ગાંધીનગર, તા. ૨

ચીનમાંથી ઉદ્દભવેલો કોરોના વાયરસ હવે દુનિયાભરમાં ફેલાઈને હાહાકાર મચાવી રહ્યો છે. ત્યારે સમાજ સેવામાં હંમેશા અગ્રેસર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર, અમદાવાદના આચાર્ય, વર્લ્ડ પીસ એમ્બેસડર પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજીની આજ્ઞાથી ચીનમાં મોટા પાયે કોરોના ચેપના રક્ષણ માટે સર્જીકલ માસ્કસ મોકલવામાં આવી રહ્યા છે. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કાર્યકર કેતનભાઈ લીંબડ મારફતે હાલ સુધીમાં ૧,૩૬,૦૦૦ કરતા વધુની સંખ્યામાં ઉચ્ચ ગુણવત્તાના N-૯૫ સર્જીકલ માસ્કસ મોકલવામાં આવ્યા છે તેમજ વધુને વધુ માત્રામાં મોકલવામાં આવી રહ્યા છે.

વાયરસ હવે અન્ય દેશોમાં પણ પ્રસરી રહ્યો હોવાથી કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આંતરરાષ્ટ્રીય સંકટ તેમજ ચિંતા ગણી તેને એક સાર્વજનિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. દુનિયાભરમાં કોરોના વાયરસના ૮હજાર ૨૦૦થી વધુ સંક્રમિત દર્દીઓ જાહેર થતાં આચાર્ય સ્વામીજી મહારાજ દ્વારા અન્ય દેશોમાં પણ જરૂર જણાયે તત્કાળ બનતી મદદ પહોંચાડવા હાકલ કરી છે.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી

# ગાંધીનગરના કલાકારોએ કલાપીની ઓળખ બદલી



ગાંધીનગર, તા. ૨

કલાપી એ વિલાસી રાજવી નહીં, પરંતુ અતિ સંવેદનશીલ વ્યક્તિ, ઉત્તમ કવિ અને સર્વોત્તમ ગદ્યલેખક ઉપરાંત સફળ રાજા પણ હતા એ મતલબનો સંદેશ ગાંધીનગરના કલાકારોએ પોતાની નાટિકા 'યાદી ભરી ત્યાં આપની'ના માધ્યમથી લાઠીને આપ્યો હતો, જે સંદેશ લાઠીની સહૃદયી જનતાએ ઝીલ્યો હતો, સ્વીકાર્યો હતો. આમ, કલાપીની વધુ સારી ઓળખ લાઠીમાં પ્રસ્થાપિત કરવામાં ગાંધીનગરના કલાકારોને સફળતા મળી હતી.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સહયોગ સમાજસેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા નિર્મિત નાટિકા 'યાદી ભરી ત્યાં આપની'નું સફળ મંચન રાજવી કવિ કલાપીની ૧૪૭મી જન્મજયંતી નિમિત્તે એમના જન્મસ્થળ લાઠી મુકામે કરવામાં આવ્યું હતું.

કુંતલ નિમાવત લિખિત, સહદિગ્દર્શિત અને હિમાંશુ ભચેચ દિગ્દર્શિત આ નાટિકા ગીત-સંગીત અને મલ્ટીમીડિયાથી સભર હતી અને તેમાં ગાંધીનગરના કલાકારોએ અભિનયનાં પ્રચંડ અજવાળાં પાથરી લાઠીના પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. 'અમે કોઈ બીજા કલાપીને જાણતા નહોતા, આ કલાપીને તો અમે ઓળખતા જ નહોતા' એવા ઉદ્‌ગાર લાઠીના સાક્ષરોએ નાટિકા જોયા પછી વ્યક્ત કર્યા હતા. નાટિકામાં કલાપીની જીવનકથા ઉપરાંત તેમના જીવનનાં નહીં ઉલ્લેખાયેલાં પાસાં અને તેમની કવિતાઓ તથા ગદ્યનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જે કારણે સમગ્ર પ્રસ્તુતિ ભવ્ય અને રસવાહી બની રહી હતી. મજબૂત લેખન અને અસરકારક અભિનય આ નાટકની સફળતાનાં સીમાચિહ્નો બની રહ્યાં હતાં.

આ અનોખી નાટિકામાં કર્તુમ તેરૈયા, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, મૌન સાધુ અને કુંતલ નિમાવત દ્વારા પોતાનો સક્ષમ અભિનય આપવામાં આવ્યો હતો.

કર્તુમ તેરૈયા અને જયનલ રાવલ દ્વારા અનુક્રમે મલ્ટીમીડિયા અને લાઈટ-મ્યુઝિક સંચાલનની જવાબદારી પણ અદા કરાઈ હતી. મલ્ટીમીડિયા અને સંગીત સંકલન પર્વ નિમાવત (પંચમ) દ્વારા કરવામાં આવ્યું હતું. સૅટિંગ્સની સેવા અક્ષય ભટ્ટ દ્વારા અને નેપથ્યની સેવા નીતા ભચેચ તથા ખુશ્બુ ભટ્ટ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

લાલજીદાદાની જગ્યા, લાઠી ખાતે આ નાટકનું ઉદ્‌ઘાટન ગુજરાતી સાહિત્ય સરિતા, અમેરિકાના પૂર્વ પ્રમુખ વિશ્વદીપ બારડના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોકસાહિત્યકાર અને સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી, જીતુભાઈ ડેર, લાઠી નગરપાલિકાના ઉપપ્રમુખ દિનેશભાઈ મકવાણા, ઍડવોકેટ આર સી દવે, રેખાબેન બારડ, અશોકભાઈ કથીરિયા, ભરતભાઈ ડેર અને એટલી મોટી સંખ્યામાં કલાપી, સાહિત્યપ્રેમી, નાટ્યપ્રેમી પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા કે હૉલ ચિક્કાર ભરાઈ ગયો હતો. પ્રેક્ષકોએ સ્ટેપ પર બેસીને કે છેલ્લે ઊભા રહીને પણ આ નાટક મોજથી નિહાળ્યું હતું, માણ્યું હતું.

વિશ્વદીપ બારડે કવિ કલાપીને ગુજરાતી ગઝલના મીર ગણાવી લાઠીને 'કલાપી નગર' તરીકે ઉલ્લેખ્યું હતું. અન્ય વક્તાઓએ કલાપીની રચનાઓ યાદ કરી કલાપી આપણી વચ્ચે હોવાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

લાઠી નગરપાલિકા અને આરાધના ચેરિટેબલ ટ્રસ્ટનો સહયોગ આ નાટકના મંચન માટે પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ પઢિયાર, જયેશભાઈ જોષી, ધીરુભાઈ ગંગાડિયા અને ચિરાગ ભટ્ટ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટના પ્રમુખ ઈતેશ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જલારામ બાપાના સદાવ્રતની દ્વિશતાબ્દીની સ્તુત્ય ઉજવણી

# જલિયાણ સેવા ગૃપે બાળકોનાં અંતરે આનંદ આણ્યો



ગાંધીનગર, તા. ૨

શ્રી જલારામ બાપાએ વીરપુર ધામમાં સદાવ્રતની શરૂઆત કર્યાને ૨૦૦ વર્ષના અવસરની ઉજવણીના ઉપલક્ષમાં શ્રી જલીયાણ સેવા ગ્રુપ, ગાંધીનગર દ્વારા સે. ૩ ના શોપીંગ સેન્ટરની બાજુમાં, જય ભીમ ટ્રસ્ટ દ્વારા સંચાલિત નિઃશુલ્ક ટ્યુશન કલાસમાં શિક્ષણ મેળવતા - છાપરામાં રહેતા શ્રમજીવી પરિવારના બાળકોને, સે. ૨૮ની પ્રાથમિક શાળા નં-૧ અને નં. ૨ના બાળકોને, સે. ૧૩ના નંદનવન આશ્રમશાળાના બાળકોને, સે. ૨૬ના બાલ સંસ્કાર કેન્દ્ર આશ્રમશાળાના બાળકોને, સેવાના એક નમ્ર પ્રયાસ રૂપે શ્રી જલારામ બાપાની પ્રસાદીરૂપ કાનપટ્ટી, સ્કાફ, રૂમાલ, બિસ્કિટ, ચોકલેટની ભેટ આપી હતી.

૩૦૦ જેટલાં બાળકોને આપવાનો આનંદ મેળવી આ બાળકોના આનંદમાં સહભાગી બનવાનો લ્હાવો ગૃપના સેવાભાવી મિત્રોએ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત સે. ૧૬માં સ્થિત અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકોને નાસ્તો પણ ગૃપ દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.